RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 276* Date: 02.08.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કેરળમાં સતત પાંચમા દિવસે ૨૦ હજારથી વધુ કેસ નોંધાયા

# દેશમાં ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ પોઝિટિવ કેસઃ ૫૪૧ લોકોના મોત

**એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૦૪,૮૦૪ થઈ ગઈ. દેશમાં કોરોનાના કુલ ૩.૧૬ કરોડ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ ૩.૦૮ કરોડ લોકો સાજા થયા છે, જ્યારે ૪.૨૪લાખ લોકોએ જીવ ગુમાવ્યા**



યુ દિલ્હી,તા.૧

કોરોનાની ત્રીજી લહેર વચ્ચે શનિવારે દેશમાં કોરોનાના ૪૧,૭૮૬ નવા કેસ નોંધાયા છે. કોરોના સંક્રમણને કારણે ૫૪૨ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૩૯,૩૦૪ લોકો સાજા થયા છે. હવે એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૦૪,૮૦૪ થઈ ગઈ છે. આ સાથે, દેશમાં કોરોનાના કુલ ૩.૧૬ કરોડ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ ૩.૦૮ કરોડ લોકો સાજા થયા છે, જ્યારે ૪.૨૪લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે.

હાલમાં, કેરળ કોરોનાથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં પાંચ દિવસ સુધી સતત ૨૦ હજારથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. શનિવારે અહીં ૨૦,૬૨૪ કેસ નોંધાયા હતા. અહીં ૮૦ લોકોનું કોરોના સંક્રમણને કારણે મૃત્યુ થયું, જ્યારે ૧૬,૮૬૫ લોકોએ કોરોનાને હરાવ્યો. કેરળમાં સક્રિય કેસોની સંખ્યા હવે ૧,૬૪,૫૦૦ થઈ ગઈ છે.

શનિવારે દેશમાં કુલ ૧૭,૮૯,૪૭૨ લોકોના કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. અત્યાર સુધીમાં કુલ ૪૬,૮૨,૧૬,૫૧૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંક હાથ ધરાયું હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. કોરોનાનો દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૩૪ ટકા નોંધાયો છે અને સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૪૨ ટકા રહ્યો છે. કોરોનાથી સ્વસ્થ થનાર દર્દીઓની સંખ્યા ૩,૦૮,૨૦,૫૨૧ થઈ છે. વિતેલા એક દિવસમાં મહારાષ્ટ્રમાં ૨૨૫, કેરળમાં ૮૦ અને ઓડિશામાં ૬૮ દર્દીનાં કોરોનાથી મોત થયા છે.

દેશના દસ રાજ્યોમાં કોરોનાના કેસમાં ઝડપી વધારાને ધ્યાનમાં લેતા સરકારે શનિવારે આ રાજ્યોની સ્થિતિ બાબતેની સમિક્ષા કરી હતી. કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, ઓરિસ્સા, આસામ, મિઝોરમ, મેઘાલય, આંધ્રપ્રદેશ અને મણિપુરની પરિસ્થિતિની સમિક્ષા કરી હતી.

દેશના ૮ રાજ્યોમાં સંપૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. તેમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તામિલનાડુ, મિઝોરમ, ગોવા અને પુડુચેરીનો સમાવેશ થાય છે. અહીં લોકડાઉનની જેમ જ કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

શનિવારે કેરળમાં ૨૦,૬૨૪ લોકો સંક્રમિત જોવા મળ્યા હતા. ૧૬,૬૮૫ લોકો સાજા થયા અને ૮૦ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૩૩.૯૦ લાખ લોકો સંક્રમણની ચપેટમાં આવી ગયા છે. આમાંથી ૩૨.૦૮ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૧૬,૭૮૨ લોકોના મોત થયા છે. હાલમાં ૧.૬૪ લાખ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

શનિવારે મહારાષ્ટ્રમાં ૬,૯૫૯ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૭,૪૩૧ લોકો સાજા થયા અને ૨૨૫ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૬૩.૦૩ લાખ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ગયા છે. આમાંથી ૬૦.૯૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૧.૩૨ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. હાલમાં ૭૬,૭૫૫ દર્દીઓ સારવાર હેઠળ છે.

## આમ આદમીને ઝટકોઃ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૭૩ રૂ.નો તોતિંગ વધારો

ન્યુ દિલ્હી,તા.૧

ઓગસ્ટનાં પ્રથમ દિવસે સામાન્ય જનતાને મોંઘવારીનો આંચકો લાગ્યો છે. સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ એલપીજી ગેસ સિલિન્ડરનાં ભાવમાં વધારો કર્યો છે. દેશની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) એ ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૭૩.૫૦ રૂપિયાનો વધારો કરી દીધો છે. આ પછી, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૬૨૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગયું છે. ૧૪.૨ કિલો ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

વાહન ઈંધણથી માંડીને ખાદ્યતેલ સુધીનાં ભાવ આ સમયે આસમાને પહોંચી ગયા છે, આ દરમ્યાન ઓઈલ કંપનીઓએ વધુ એક મોટો ફટકો આપીને નાગરિકોની ચિંતમાં વધારો કરી દીધો છે. આજે એટલે કે ૧ ઓગસ્ટથી દેશની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૭૩ રૂપિયાથી વધુનો વધારો કર્યો છે. જાહેર કરવામાં આવેલા નવા ભાવ ૧લી ઓગસ્ટથી લાગુ કરી દેવામાં આવ્યા છે. હવે તમારે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે ૧૬૨૩ રૂપિયા ચૂકવવા પડશે. જણાવી દઈએ કે, ઘરેલું સિલિન્ડરની કિંમતોમાં ગયા મહિને જ વધારો થયો છે. ૧ જુલાઈનાં રોજ ૧૪.૨ કિલો ઘરેલૂ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે ઘરેલું સિલિન્ડરની કિંમતમાં ૧૩૮.૫૦ રૂપિયાનો વધારો થયો છે. આ વર્ષે ૧ જાન્યુઆરીએ દિલ્હીમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૬૯૪ રૂપિયા હતી. જે હવે ૮૩૪.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. દેશનાં અન્ય મોટા શહેરોમાં ૧૪.૨ કિલો સિલિન્ડરની કિંમતમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં સબસિડી વગરનાં ૧૪.૨ કિલોનાં સિલિન્ડરની કિંમત ૮૩૪.૫૦ રૂપિયા, કોલકાતામાં ૮૬૧ રૂપિયા, મુંબઈમાં ૮૩૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૮૫૦.૫૦ રૂપિયા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૯૦૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૫૭૦**

### કેન્દ્રીય ગૃહપ્રધાને લખનૌમાં વિવિધ કાર્યોના શિલાન્યાસ કર્યા

## યુપીમાં વિપક્ષ ૨૦૨૨માં કારમી હાર માટે તૈયાર રહેઃ શાહ

*લખનૌ,તા.૧*

કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે લખનૌમાં ફોરેન્સિક સાયન્સ સંસ્થાના શિલાન્યાસ કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપે ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં કાયદાનું શાસન સ્થાપિત કર્યું છે. રાજ્યને વિકાસના માર્ગ પર લાવવા માટે કામ કરવામાં આવ્યું છે.




૨૦૧૭માં રાજ્યમાં ભાજપની સરકાર સત્તા પર આવી તે પહેલા લોકો પશ્ચિમ યુપીથી સ્થળાંતર કરી રહ્યા હતા. રાજ્ય હુલ્લડગ્રસ્ત હતું, પરંતુ ચાર વર્ષના શાસન પછી, ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન સ્થાપિત થયું છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે અમે વચન આપ્યું હતું કે જ્યારે અમારી સરકાર આવશે ત્યારે અમે કાયદાનું શાસન સ્થાપિત કરીશું. રાજ્ય સરકારે આ દિશામાં સફળતા મેળવી છે.

વિપક્ષના નેતાઓ પર નિશાન સાધતા ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે યુપીમાં ચૂંટણી આવતા જ નેતાઓ ઘરની બહાર આવે છે અને વકતૃત્વ કરે છે. આ નેતાઓ કોરોના દરમિયાન મુશ્કેલીઓ સામે લડી રહેલા લોકોને મદદ કરતા નથી. તેઓ ખેડૂતોની મુશ્કેલીઓમાં કામ કરતા નથી, પરંતુ ચૂંટણી આવતા જ તેઓ વકતૃત્વમાં સામેલ થઈ જાય છે. ભાજપે ઉત્તર પ્રદેશમાં કાયદાનું શાસન સ્થાપિત કર્યું છે.રાજ્યને વિકાસના માર્ગે લઈ જવાનું કામ કરવામાં આવ્યું છે. હું તેમને કહેવા માંગુ છું કે વિપક્ષના નેતાઓએ ફરી એકવાર ૨૦૨૨ માં કારમી હાર માટે મન બનાવવું જોઈએ. ભાજપ ફરી અહીં બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહી છે.

તેમણે કહ્યું કે મને પહેલાનું યુપી બહુ સારી રીતે યાદ છે. અહીં મહિલાઓ અસુરક્ષિત હતી. દિવસે પણ ગોળીઓ ચલાવવામાં આવતી હતી. રાજ્યમાં માફિયાઓનું શાસન હતું. આજે ૨૦૨૧ માં હું યુપીમાં ઉભો છું, હું ગર્વથી કહું છું કે યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશને આગળ લઈ જવાનું કામ કર્યું. સરકારની યોજનાઓને યોગ્ય રીતે લાગુ કરવામાં આવી છે. યોગી સરકારે ૪૪ યોજનાઓને યોગ્ય રીતે અમલ કરવામાં સફળતા મેળવી છે, જેના કારણે રાજ્યની ઓળખ વિકાસશીલ રાજ્યની બની ગઈ છે.

તેમણે કહ્યું કે ભાજપની સરકાર બન્યા બાદ યુપીમાં માફિયા રાજનો અંત આવ્યો છે. રાજ્યમાં જાતિવાદનો અંત આવ્યો છે. રાજ્યના ગરીબ અને નબળા લોકોને સરકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. ભાજપ ફરી એકવાર યુપીમાં વિકાસના ધોરણે જોરદાર બહુમતી સાથે સરકાર બનાવશે.

### સરકાર એક્શન મોડમાં

## પથ્થરબાજો અને દેશદ્રોહીઓને સરકારી નોકરી અને પાસપોર્ટ નહીં મળે

શ્રીનગર,તા.૧

જમ્મુ-કાશ્મીરમાં હવે દેશદ્રોહીઓ અને પથ્થરબાજોએ મોટી કિંમત ચૂકવવી પડશે. સરકારે આમની પર ગાળિયો કસવા માટે એક આદેશ જાહેર કર્યો છે. આ અંતર્ગત દેશની વિરુદ્ધ નારેબાજી કરનારા અને પથ્થરબાજી કરનારાઓને સરકારી નોકરી નહીં આપવામાં આવે. સાથે જ આવા લોકોના પાસપોર્ટ પર પણ પ્રતિબંધ લગાવવામાં આવશે. ટોચના સરકારી અધિકારીઓએ જણાવ્યું કે, સીઆઈડીની ખાસ શાખાએ તમામ યુનિટ્સને આ અનુસંધાનમાં આદેશ જારી કરી દીધા છે. આ અંતર્ગત કહેવામાં આવ્યું છે કે જે લોકોથી રાજ્યની કાયદા વ્યવસ્થાને જોખમ છે તેમની પર નજર રાખવામાં આવે.

કહેવામાં આવી રહ્યું છે કે, આવા લોકો પર ગાળિયો કસવા માટે તમામ ડિજિટલ પુરાવા અને પોલીસ રેકોર્ડને ધ્યાનમાં રાખવામાં આવશે. આ પહેલા કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટી તંત્રએ જમ્મુ-કાશ્મીર સિવિલ સેના નિયમોમાં સંશોધન કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે સરકારી નોકરી મેળવવા માટે એક સંતોષજનક સીઆઈડી રિપોર્ટ હોવો જરૂરી છે. આ પહેલા એક સમાચારપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, લોકો માટે એ જણાવવું જરૂરી હશે કે શું પરિવારનો કોઈ સભ્ય અથવા નજીકનો સંબંધી કોઈ રાજકીય પાર્ટી અથવા સંગઠન સાથે જોડાયેલો છે? અથવા કોઈ રાજકીય ગતિવિધિમાં ભાગ લીધો છે? અથવા કોઈ વિદેશી મિશન અથવા સંગઠનની સાથે સંબંધ છે? અથવા જમાત-એ-ઈસ્લામી જેવી કોઈ નિર્ધારિત/પ્રતિબંધિત/પ્રતિબંધિત સંગઠનથી સંબંધ તો નથી? નવા સંશોધન પ્રમાણે સેવારત કર્મચારીઓને સીઆઈડીથી ફરીવાર ખાતરી કરવાની જરૂરીયાતના મામલે અનેક જાણકારીઓ આપવી પડશે.

## સંસદમાં મડાગાંઠના કારણે કરદાતાઓના ૧૩૩ કરોડ રૂપિયા વેડફાયા

ન્યુ દિલ્હી,તા.૧

સંસદના ચોમાસુ સત્રમાં પેગાસસ જાસૂસી કાંડને લઈને બંને ગૃહમાં હોબાળો યથાવત છે. આ હોબાળાના કારણે બંને ગૃહમાં સત્રના પહેલા ૨ અઠવાડિયામાં ૮૫ ટકાથી વધારે કામના કલાકો બરબાદ થઈ ચૂક્યા છે. આવામાં કામકાજની દ્રષ્ટીએ આ સત્ર ઓછું ઉપયોગી થયું. છેલ્લા ૨ અઠવાડિયામાં ૧૦૭ કલાકમાંથી સંસદમાં ફક્ત ૧૮ કલાક જ કાર્યવાહી ચાલી છે. પેગાસસ મામલે ચર્ચા અને તપાસની વિપક્ષની માંગ પર હોબાળાના કારણે ૮૯ કલાક બરબાદ થયા.સરકારી સૂત્રો પ્રમાણે આ પ્રક્રિયામાં અત્યાર સુધી ૧૩૩ કરોડ રૂપિયા બરાબર થઈ ચૂક્યા છે. અત્યારે હોબાળો ઓછો થાય તેના અણસાર પણ જોવા મળી રહ્યા નથી.

## ભારતે યુએનના પરિષદ અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યોઃ પાકિસ્તાન ભડક્યું

યુએન,તા.૧

દુનિયાની સૌથી શક્તિશાળી સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અધ્યક્ષ તરીકે ભારતની તાજપોશીથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયુ છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે શનિવારે આશા વ્યક્ત કરી છે કે ભારત પોતાના કાર્યકાળ દરમિયાન નિષ્પક્ષ થઈને કામ કરશે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા જાહિદ હાફિઝ ચૌધરીએ કહ્યુ કે અમને આશા છે કે ભારત પોતાના કાર્યકાળ દરમિયાન પ્રાસંગિક નિયમો અને માનકોનુ પાલન કરશે.

ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો અસ્થાયી સદસ્ય છે અને બે વર્ષનો કાર્યકાળ છે. ભારતે રવિવારથી ૧૫ સદસ્યીય સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. ભારતનો કાર્યકાળ એક મહિના સુધી ચાલશે. સુરક્ષા પરિષદની અધ્યક્ષતા દર મહિને અંગ્રેજીના વર્ણમાલાના આધાર પર બદલતી રહે છે. ભારત ૧ જાન્યુઆરી ૨૦૨૧એ સુરક્ષા પરિષદનો સદસ્ય બન્યો હતો અને તેને પોતાના કાર્યકાળ દરમિયાન બે વાર અધ્યક્ષ બનવાનો અવસર મળશે.

પાકિસ્તાની પ્રવક્તાએ કહ્યુ, ભારતે આ પદને સંભાળી લીધો છે. આપણે તેને એક વાર ફરીથી એ યાદ અપાવવા ઈચ્છીએ છીએ કે તેઓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના જમ્મુ-કાશ્મીર પર પ્રસ્તાવોને લાગુ કરે. જણાવી દઈએ કે ભારત એવા સમયે સુરક્ષા પરિષદનો અધ્યક્ષ બન્યો છે જ્યારે અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના સમર્થનથી તાલિબાન ખૂની હિંસા કરી રહ્યુ છે. અફઘાન સેનાની સાથે તેમની લડત ચાલુ છે. પાકિસ્તાન અખબાર અનુસાર ભારતના અધ્યક્ષ રહેવાનો અર્થ એ છે કે પાકિસ્તાન હવે એક મહિના સુધી કાશ્મીર મામલે કોઈ પણ ચર્ચા સુરક્ષા પરિષદમાં કરી શકશે નહીં. આ કારણે ભારતના અધ્યક્ષ બનવા પર પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયુ છે. પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ને ખતમ કરવાનો કડક વિરોધ કરી રહ્યુ છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### જાણો કડવા લીમડાના ગુણો.........

આયુર્વેદિક દવા છે જેના અનેક સ્વાસ્થ્યવર્ધ ફાયદા છે. લીમડો આપણા શરીર, ત્વચા અને વાળ માટે અત્યંત ગુણકારી છે. તેનો કડવો સ્વાદ ઘણાં લોકોને ખરાબ લાગે છે માટે તેઓ તેને ઇચ્છીને પણ ખાઇ નથી શકતા. પણ જો તેનો રસ બનાવીને પીવામાં આવે તો તમે કલ્પ્યો પણ નહીં હોય તેટલો ફાયદો થશે. જાણીએ ગુણકારી લીમડાના રસના ફાયદા...

લીમડાનો રસ પીવાના ફાયદા -

૧. થોડા પાણીમાં લીમડાનાં પાન ઉકાળીને નાહવાના પાણીમાં ઉમેરીને નાહવાથી ચામડીના રોગો થતા નથી.

૧. લીમડામાં એન્ટી ઇન્ફ્લેમેન્ટરી તત્વ હોય છે. લીમડાનો અર્ક ખીલમાંથી મુક્તિ અપાવવા માટે બહુ સારો ગણાય છે. આ સીવાય લીમડાનો રસ શરીરનો રંગ નિખારવામાં પણ અસરકારક છે.

૨. લીમડાના પાંદડાનો રસ અને મધને ૨:૧ના માપમાં પીવડાવવાથી કમળામાં ફાયદો થાય છે અને તે કાનમાં નાંખવાથી કાનના વિકારોમાં પણ ફાયદો થાય છે.

૩. લીમડાનો રસ પીવાથી શરીરની ગંદકી નીકળી જાય છે. જેનાથી વાળની ગુણવત્તા, ત્વચાની કામુકતા અને પાચન સારું રહે છે.

૪. આ સિવાય લીમડાનો રસ ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે. જો તમે રોજ લીમડાનો રસ પીશો તો તમારું બ્લડ શુગર લેવલ એકદમ કન્ટ્રોલમાં રહેશે.

૫. લીમડાના રસના બે ટીપાં આંખોમાં નાંખવાથી આંખોની રોશની વધે છે.

૬. શરીર પર જો ચિકન પોક્સના નિશાન રહી ગયા હોય તો કે સાફ કરવા માટે લીમડાના રસથી મસાજ કરો. આ સિવાય ત્વચા સંબંધી રોગ જેવા કે એક્ઝિમા અને સ્મોલ પોક્સ પણ આ રસ પીવાથી દૂર થઇ જાય છે.

૭. લીમડો એક રક્ત-શોધક ઔષધિ છે. તે ખરાબ કોલેસ્ટ્રોને ઓછું કરે છે કે તેનો નાશ કરે છે. લીમડાનું મહિનામાં ૧૦ દિવસ સેવન કરવાથી હાર્ટ અટેકની બીમારી દૂર થઇ શકે છે.

ગુણકારી લીમડા દ્વારા સૌદર્ય નિખારો

લીમડો ગુણોની ખાણ છે. એમાં ઔષધી ગુણ હોય છે . આ ઘણા રોગોથી બચાવે છે અને ત્વચા માટે પણ લાભકારી છે . સંક્રમણ થી બચાવ

બે લીટર પાણીમાં ૫૦-૬૦ લીમડા પાંદડા નાખી ઉકાળી લો . જ્યારે પાણી લીલા રંગનું થઈ જાય તો તેને શીશીમાં ભરી રાખી લો. સ્નાન કરતી સમયે એક બાલ્ટી પાણીમાં ૧૦૦ મિલી લીમડાનું પાણી તમને સંક્રમણથી છૂટકારો અપાવશે.

લીમડાના તેલમાં છે ગુણોનો ભંડાર

લીમડાનો તેલનો ઉપયોગ સાબુ, શૈપૂ, લોશન ટૂથપેસ્ટ અને ક્રીમની બનાવટમાં કરાય છે. આ ત્વચાને સાફ કરે છે.

ફેસ પેક નિખારે રૂપ

૧૦ લીમડાના પાંદડાંને સંતરાના છાલ સાથે પાણીમાં ઉકાળો આનું પેસ્ટ બનાવી તેમા મધ,દહીં અને સોયા મિલ્ક મિક્સ કરી પેસ્ટ તૈયાર કરો . અઠવાડિયામાં ત્રણ વાર લગાવવાથી તમારો ચેહરો નિખરવા માંડશે. સાથે ચેહરા પર પિંપલ વાઈટહેડસ બ્લેકહેડસ અને પોર્સ નાના થશે.


હેયર કંડીશનર વધારશે વાળની સુંદરતા

લીમડો એક સરસ કંડીશનર પણ છે .પાણીમાં ઉકાળી અને મધ મિક્સ કરી તૈયાર કરેલું લીમડાનું પેસ્ટ માથાના વાળમાં લગાવવાથી ખોડાની સમસ્યા ખત્મ થશે. સાથે વાળ સોફ્ટ પણ બનશે .

રૂપ નિખારે સ્કીન ટોનર

તમારે મોંઘા મોંઘા બ્યુટી પ્રાડ્કટસ પર પૈસા ખર્ચ કરવાની જરૂર નથી. જો તમારી પાસે લીમડાની પાન છે તો તમારું કામ સરળ થઈ જશે. રાતે એક કાટન બોલને લીમડાના પાણીમાં ડુબાડી તેનાથી ચેહરો સાફ કરો. આવુ કરવાથી ખીલ, બ્લેકહેડસથી છુટકારો મળશે.

## વિવિધતા સભર કલાકૃતિઓનો સંગમ ૧૯૭૬ બેચના અગીયાર ચિત્રકારો દ્વારા



પરમાત્માની પરમ કલાકૃતિ સમાન પૃથ્વીનું સર્જન પંચતત્વ દ્વારા થયેલ છે. તેજ રીતે પૃથ્વી પરની સુંદરતાને ચાર ચાંદ લગાવવા પ્રત્યેક જીવનું સર્જન કરવામાં આવ્યું. પ્રત્યેક જીવ પણ પંચતત્વ દ્વારા સર્જાયેલ ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિઓજ છે. કુદરતનું જીવ-નિર્જીવ પ્રત્યેક સર્જન ચિત્રકારો માટે પ્રેરણા સ્ત્રોત છે. એટલે કે પ્રકૃતિની રચના પ્રત્યેક ક્ષણે થતી રહે છે. એ પ્રકૃતિમાં પ્રત્યેક રંગો, આકારો તેમજ ગહેરાઈ સમાયેલી છે. જે આપણા સૌ માટે પ્રેરણા સમાન છે.

શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસમાં કલા અભ્યાસ કરેલ ૧૯૭૬-૮૧ના પેઈન્ટીંગ બેચના અગીયાર સિનિયર કલાકારો પ્રકૃતિ સાથે જોડાયેલ કુદરતને ચાહનાર છે. જેઓએ જીવનના કપરા સમય કોરોના કાળ દરમ્યાન નવરાશનો સમય મળતા નક્કી કર્યું કે આ સમયનો સદઉપયોગ કરી સુંદર કૃતિઓનું સર્જન કરી એક ભવ્ય ગ્રુપ શોનું આયોજન કરીએ. સર્જન પામેલ અદ્ભૂત કલાકૃતિઓનું પ્રદર્શન અમદાવાદની ગુફા ખાતે ધ આર્ટ ગેલેરીમાં યોજવામાં આવ્યું. પ્રત્યેક કલાકારે પોતાની આગવી શૈલીમાં સુંદર કૃતિઓ દર્શાવી છે.

**શ્રી અતુલ પંડિત** કહે છે, આમ જોઈએ તો સ્થાપત્ય અને નૃત્ય બન્ને પૌરાણિક તથા તેની સાથેનો સમન્વય એટલે... જર્જરિત લાગણીઓને જોડવાનો એક અનેરો અવસર મળ્યો. કદાચ વિચારોને "નિ:શબ્દ" બનાવી રંગો દ્વારા કેનવાસ પર ઉતારી સંતોષની લાગણી વ્યક્ત કરી છે.

**શ્રી ભરત મેવાડા** કહે છે, પોટ્રેટ એટલે મુખાકૃતિ, દરેકના જીવનમાં જેમ રહેણી કરણી જુદી હોય છે તેમ દરેકનાં મુખના હાવભાવ પણ અલગ હોય છે. જુદી જુદી વ્યક્તિના જુદા જુદા હાવભાવ વ્યક્ત કરવાના ઉદભવેલા વિચારથી પ્રેરાઈ મહાત્મા ગાંધીજીનાં પોટ્રેટ બનાવ્યા. આ પ્રદર્શનમાં આપણા વડાપ્રધાનશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ઝલક.

**બિન્દુ દોશી** કહે છે, માનવ એટલે અભિવ્યક્તિનો ભંડાર, માનવ અને અભિવ્યક્તિનો સમન્વય એટલે સંસ્કૃતિ. આ સંસ્કૃતિ દ્વારા માનવની અંદર છૂપાયેલા મનોભાવને રજુ કરવાનો નમ્ર પ્રયાસ અહિંયા કર્યો છે. ખરેખર જીવન તો બ્લેક એન્ડ વ્હાઈટ જ હોય છે તેને નિખારવું તે આપણા હાથમાં છે.

**ફાલ્ગુની શાહ**ના ચિત્રો જૈન ધર્મને અનુલક્ષીને બનાવેલ છે. તેમાં સ્વસ્તીક ચાર ગતિનું પ્રતિક છે. જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ પામવા દેવ આરાધના દ્વારા મોક્ષ મેળવી શકાય છે. હૃદયના ભાવોને રંગો દ્વારા સજાવ્યા છે.

**જગદીશ ભાવસાર** કહે છે, કુદરતને ખોળે જન્મેલા આપણે કુદરત સાથે રહીને જે નિજાનંદ પામીએ છીએ તે બીજે કયાંય શક્ય નથી. ફોટોગ્રાફી મારૂં પેશન છે. તેના દ્વારા કુદરતના ચિત્રો કેનવાસ પર કંડારવાનો નમ્ર પ્રયાસ.

**જગદીશ ખત્રી**નો નિર્દોષ સરળ સ્વભાવ આપણા દિલમાં તેમની હાજરી પુરે છે અને હયાતીનો અહેસાસ કરાવે છે. તેઓના ચિત્રોમાં રંગો તથા આકાર તેમની નિખાલસતા, કુદરત સાથેનું જોડાણ ઉપસાવી જાય છે. ૪૫ વર્ષની અમારી સહયાત્રા ભૂલી શકાય તેમ નથી.

જયશ્રી રાવત કહે છે, માણસ અને કુદરત બંન્નેનો સમન્વય એક અદ્ભૂત રચના છે. તેનો રંગો દ્વારા અભિભૂત કરી ચિત્રોમાં દર્શાવેલ છે.

**જયલેશ બ્રહ્મભટ્ટ** કહે છે, જીવનમાં ઈશ્વરે આપેલ વૈવિધ્ય રેખાઓ દ્વારા ઉદભવતા આકારોમાં કલ્પનાના રંગો દ્વારા શ્વેત ફલક પર સપ્તરંગોને કંડારવાનો પ્રયાસ છે. પદમ જૈન - આ ચિત્રોમાં વિરાન, ગંભીર, ગમગીન વાતાવરણ સર્જવાનો પ્રયાસ કર્યો છે તથા બાળપણની મસ્તીભરી રાત પણ દર્શાવી છે.

**વિપુલ દેસાઈ** કહે છે, રંગો દ્વારા જીવનની કલ્પનાઓને ઉપસાવતા જીવનની રંગીનતા અનુભવાઈ.

**યેશા રામાણી** કહે છે, વિવિધ માધ્યમો દ્વારા વિવિધ ભાવને દર્શાવ્યા છે. જેમ કે મૃદુતા, નવિનતા, કઠોરતા, કૌતુકતા વિગેરે ભાવ મારા ચિત્રોમાં જોવા મળે છે.

- વિનય પંડ્યા

# સૌના સાથના સૌના વિકાસના પાંચ વર્ષ સુશાસનના પરંપરાગત ઓળખ સાથે કચ્છે વિકાસની નવી ઓળખ ઉભી કરી છે - ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

## વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને સુવિધાઓ આપી સરકારે વિદ્યાર્થીઓના હિતની ચિંતા કરી છે - સાંસદશ્રી વિનોદભાઇ ચાવડા

પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથના સૌના વિકાસના સૌના વિશ્વાસના નિર્ધાર સાથે રાજય સરકાર સુશાસનમાં પાંચ વર્ષ નિમિતે જનહિતના વિવિધ કાર્યક્રમો યોજી રહી છે. જે પૈકી જ્ઞાનશકિત દિન નિમિતે આજે રાજયકક્ષાએથી અંદાજે રૂ.૩૫૯ કરોડના જુદા જુદા ૧૫૧ મુખ્ય કાર્યક્રમો સહિત વિકાસના લોકાર્પણ ખાતમુહુર્ત તેમજ કોમ્પ્યુટર લેબ અને જ્ઞાનકુંજ પ્રોજેકટ, શોધ, સ્રૂજીરૂ અને નમો ઈ-ટેબલેટ વિતરણ કાર્યક્રમો યોજાઇ રહયા છે જે પૈકી આજે કચ્છમાં જિલ્લામાં રૂ.૧૬ કરોડ ૨૬ લાખના ૨૧૦ જેટલા વિવિધ વિકાસના લોકાર્પણ, ખાતમુહુર્ત અને સ્કોલરશીપ, નમો ઈ ટેબલેટ વિતરણ કાર્યક્રમ થઇ રહયા છે એમ ગૃહરાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

મહિલા કોલેજ ભુજ ખાતે યોજાયેલા જ્ઞાનશકિત કાર્યક્રમમાં ગૃહરાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારતને ગૌરવ અપાવનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વૈશ્વિકસતરે વિધાર્થીઓ શિક્ષણમાં અગ્રહરોળમાં આવે તેમજ ગુજરાત શૈક્ષણિક હબ બને તે મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોને વધુ સબળ કરવા આજે જ્ઞાનકુંજ પ્રોજેકટ અને ડિઝીટાઇઝેશન શિક્ષણ હેઠળ રાજયના વિધાર્થી તૈયાર થઇ રહયા છે.

પરંપરાગત ઓળખ સાથે કચ્છે ઔધોગિક અને પ્રવાસન તેમજ વિકાસમાં આગવી ઓળખ ઉભી કરી છે તેમ ગૃહરાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળતા કચ્છ ગૌરવવંત બન્યું છે. સફેદરણ, ધોળાવીરા, શ્યામજી કૃષ્ણવર્મા તીર્થ, રીન્યુએબલ એનર્જી પાર્ક, ઇઈ પાર્ક અને વિવિધ પ્રવાસન સ્થળોના પગલે કચ્છ રાજયનું શ્રેષ્ઠ રોકાણ સ્થાન તરીકે પણ ઉભરી રહયું છે.

ગુજરાતની શાંતિ સલામતી અને સુરક્ષા માત્ર શબ્દોમાં જ નહી પણ વાસ્તવિકતામાં સાકાર કરવા કાયદો અને વ્યવસ્થા માટે રાજય સરકારે વિવિધ કાયદાઓ અમલી કર્યા છે જે પૈકી ગૌવંશ બચાવવા, ગૌહત્યા અટકાવવાના કાયદા, લવજેહાદ સામે કાયદો, ગુંડા નાબુદી ધારા, પાસા અને પોસ્કો, સાઈબર ક્રાઈમ એકટ, લેન્ડ ગ્રેબિંગ એકટ, દ્રહુંજી એકટ વગેરે બનાવ્યા છે.

સાંસદશ્રી વિનોદભાઇ ચાવડાએ આ તકે જણાવ્યું હતું કે, ન ભૂતો ન ભવિષ્યતિ એવો વૈશ્વિકસતરનો વિકાસ રાજયમાં થઇ રહયો છે. રાજયના વિધાર્થીઓ વિશ્વમાં અગ્રિમ હરોળમાં રહે એટલું જ નહી પણ પ્રાથમિક સ્તરે પણ પાયાની તમામ સુવિધા સાથે બાળકોને ડિઝીટાઈઝેશન સાથે સાંકળ્યા છે. વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને સુવિધાઓ આપી સરકારે વિધાર્થીના હિતની ચિંતા કરી છે.

સ્વાગત પ્રવચનમાં કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડો.જયરાજસિંહ જાડેજાએ આ તકે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગની સ્રૂજીરૂ ના શોધ યોજનાના ૨૦ લાભાર્થી તેમજ ગત વર્ષના નમો ઈ-ટેબલેટ લાભાર્થીને વિતરણ કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના રાજયસ્તરના જ્ઞાનશકિત વચ્યુઅલ કાર્યક્રમ ગાંધીનગર ખાતે સૌ જોડાયા હતા તેમજ જિલ્લાના વિવિધ મુખ્ય વિકાસ કામોનું પણ ઈ-લોકાર્પણ આજના દિને કરાયું હતું.

કાર્યક્રમમાં ભુજ ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્ય, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી કેશુભાઇ પટેલ, ભારતીય જનતા પાર્ટી કચ્છ જિલ્લા સંગઠન સહપ્રભારીશ્રી હિતેશભાઇ ચૌધરી, જિલ્લા કલેકટરશ્રી પ્રવિણા ડી.કે., બોર્ડર રેંજ આઇ.જી.શ્રી જે.આર.મોથલીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્મા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ, ભુજ નગરપાલિકા પ્રમુખશ્રી ઘનશ્યામભાઇ ઠકકર, ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, કચ્છ યુનિવર્સિટીના કુલસચિવશ્રી જી.એમ.બુટાણી, આચાર્યશ્રી પ્રો.બી.એન.સુથાર, પ્રોફેસર ડો.વિજય વ્યાસ, ડીનશ્રી ડો.કાશ્મીરા મહેતા, ડીનશ્રી પ્રો.(ડો.) પી.એસ.હિરાણી, આચાર્યશ્રી ડો.સી.એસ.ઝાલા, ડીનશ્રી ડો.ગિરીન બક્ષી, પ્રોફસર ગર્વમેન્ટ એન્જીનીરીંગ કોલેજ-ભુજના ડો.એમ.બી.ઝાલા, કચ્છ યુનિવર્સિટી ઈ.સી.મેમ્બરશ્રી ડો.આર.વી.બસિયા, ટ્રસ્ટીશ્રી કિર્તીભાઇ વરસાણી તેમજ સબંધિત લાભાર્થીઓ કોવીડ-૧૯ હેઠળ ઉપસ્થિત રહયા હતા.

હેમલતા પારેખ/સીદીક કેવર

## જીટીયુ દ્વારા ૨૦૨૧ના અંત સુધી ૧ લાખથી વધુ વૃક્ષો વાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો

# પર્યાવરણનું જતન કરવું એ આપણા સૌની મૂળભૂત ફરજ છે. આયુર્વેદમાં ઉપયોગી તમામ પ્રકારના વૃક્ષોનું વાવેતર જીટીયુ ખાતે કરવામાં આવ્યું છે.-શ્રી શંભુજી ઠાકોર

સમગ્ર વિશ્વ ક્લાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યું છે. છેલ્લા કેટલાય દાયકાઓથી માનવજાત દ્વારા પર્યાવરણની ઈકો સીસ્ટમનું હનન થઈ રહ્યું છે. જેના કારણે પર્યાવરણની ઈકો સાઈકલમાં મદદરૂપ થતાં કેટલાય સજીવો નાશવંત પામ્યા છે. આ ઉપરાંત માનવજાતના અસ્તિત્વ માટે અત્યંત જરૂરી હવા , પાણી અને ખોરાક વગેરે દૂષીત થયા છે. માનવજાતની બાયોલોજીકલ સાયકલમાં ભંગાણ પડવાના કારણોસર સમગ્ર વિશ્વને કોવિડ-૧૯ જેવી મહામારીનો સામનો કરવાનો સમય આવ્યો છે. આ પ્રકારની વૈશ્વિક સમસ્યાના નિરાકરણ માટે ઘનિષ્ઠ વનનું નિર્માણ કરવું ખૂબ જ જરૂરી છે.

જે અર્થે જૂન-૨૦૨૧ થી ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના(જીટીયુ) સ્પોર્ટ્સ વિભાગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ હેતુ જીટીયુ કેમ્પસ ખાતે ૩ ફેઝમાં ઘનિષ્ઠ વનનું નિર્માણ કરીને જીટીયુ કેમ્પસ અને સંલગ્ન સંસ્થામાં ડિસેમ્બર ૨૦૨૧ સુધી ૧ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવાનું લક્ષ્ય રખાયું છે. છેલ્લા ૨ મહિનાના સમયમાં જ ૬૭૦૦થી વધારે વૃક્ષોનું વાવેતર જીટીયુ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ઔષધીય , ફળાઉ તેમજ પર્યાવરણનું સંતુલન જાળવતાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

કેચ ફાઉન્ડેશન અને આરોગ્ય ભારતી જેવી સેવાભાવી સંસ્થાના સંલગ્ન પ્રયાસથી જીટીયુ ખાતે ઘનિષ્ઠ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. પર્યાવરણ પ્રેમી અને ગાંધીનગર વિધાનસભાના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આ સંદર્ભે જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરવું એ આપણા સૌની મૂળભૂત ફરજ છે. આયુર્વેદમાં ઉપયોગી તમામ પ્રકારના વૃક્ષોનું વાવેતર જીટીયુ ખાતે કરવામાં આવ્યું છે. જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને કુલસચિવ ડૉ. કે. એન .ખેરે પણ સંલગ્ન સંસ્થાના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને બહોળી સંખ્યામાં વૃક્ષારોપણ કરવા માટે જણાવ્યું હતું. જીટીયુના આ ભગીરથ કાર્યમાં, આરોગ્ય ભારતી ગુજરાત પ્રાંતના શ્રી ભરતભાઈ કોરાટ, કેચ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી ભરતભાઈ સિસોદિયા સહિતના અગ્રણીઓ તેમજ HDFC અને ONGC જેવા એકમો દ્વારા પણ ઘનિષ્ઠ વનના નિર્માણ માટે સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે.

વધુમાં જીટીયુ સ્પોર્ટ્સ ઑફિસર ડૉ. આકાશ ગોહિલે જણાવ્યું હતું કે, જીટીયુમાં ચાલતાં ઘોડિયાઘરના નાના બાળકોથી લઈને તમામ સ્ટાફ દ્વારા આ અભિયાનને સહર્ષે વધાવી લઈને સહભાગી થયા છે. જાપનીઝ પદ્ધતિ મીયાવાંકી દ્વારા આ પ્રકારના ઘનિષ્ઠ વનના નિર્માણ માટે સૌ પ્રથમ ૨૫૦૦ સ્ક્વેર ફૂટમાં ૨૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતાં. તાજેતરમાં પણ ૫૦૦૦ સ્ક્વેર ફૂટ ક્ષેત્રફળ ધરાવતાં વિસ્તારમાં ઔષધીય આયુર્વેદિક ઘનિષ્ઠ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આગામી દિવસોમા ૧ એકર ક્ષેત્રફળમાં ફળ-ફળાદી વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. તેમજ પ્રાયોગીક ધોરણે ઓર્ગેનિક શાકભાજી પણ ઉગાડવવામાં આવશે. ઔષધીય ઘનિષ્ઠ વનમાં બિલિપત્ર, સફેદ મૂશળી , આંબો સિંદૂર , સીસમ , નગોળ , સત્વારી, જાંબુ , બહોનિયા , મહુડો , વિકડો, ગુગળ , સીતા અશોક , દૂધલો , પાદર , હરડે, આમળા, બોરસલી, ગીલોઈ અને જાંબુ, આંબળા, પારીજાત જેવા ઔષધીય વૃક્ષોનું વાવેતર સહિત વડલો , પીપળો, ઉમરો, લીમડો, કદમ , ગુલમોહર બદામ, ,ગુંદર, સેતુર, જામફળ, સીતાફળ, દાડમ જેવા ફળાઉ વૃક્ષો પણ વાવવામાં આવ્યા છે, ઉપરયુક્ત ઔષધીય વૃક્ષો અને છોડનો ઉપયોગ શરદી , તાવ , એસીડીટી , દમ , પાચનતંત્રના રોગ , ડાયાબિટીસ , મૂત્રરોગ , ચામડીના રોગો , સ્ત્રી રોગ , સાંધાના દુખાવો તેમજ વિવિધ વાઈરલ ઈન્ફેક્શનમાં શ્રેષ્ઠ ઉપચાર તરીકે વપરાય છે. આ પ્રકારના વૃક્ષો વાવીને પ્રકૃતિનું નવસર્જન કરવા માટે જીટીયુ દ્વારા પહેલ કરવામાં આવી છે. આગામી સમયમાં જીટીયુ સંચાલિત મહેસાણા સ્થિત જીપેરી ખાતે પણ ૫૦૦૦ વૃક્ષો વાવીને ઘનિષ્ઠ વન બનાવવામાં આવશે. આ ઉપરાંત વર્તમાનમાં વાવેલા વૃક્ષનું જતન થઈ શકે તે માટે જીટીયુના વિદ્યાર્થીઓ અને સ્ટાફના કર્મચારીઓ દ્વારા વાવેલા વૃક્ષને ૫ વર્ષ માટે દત્તક લેવવામાં આવેલ છે. વૃક્ષની માવજત યોગ્ય પ્રકારે થાય તે માટે કેચ સંસ્થા દ્વારા જીટીયુને સહયોગ પૂરો પાડવામાં આવે છે. વૃક્ષના વિકાસ માટે બાયો - વેસ્ટ અને છાણીયા ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. સંલગ્ન દરેક સંસ્થા ખાતે પણ ઘનિષ્ઠ વન બનાવવા માટે જીટીયુ દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવ્યા છે. જેના થકી વર્ષના અંત સુધી ૧ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.



પથ્થર વરસાવે તો એ પથ્થરો ભેગા કરીને એનો પુલ બનાવવો જોઈએ જેના પરથી તને સફળતાનાં શિખર સુધી પહોંચી શકો. મેં પણ એ જ કર્યું. લોકોના શબ્દો મારા માટે ઝનૂન બની ગયું અને હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં લાગી ગઈ.

આ સમય દરમ્યાન આશા કંડારાને જોધપુર નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે કામ મળ્યું. પોતાના પગ પર ઉભા રહીને પરિવારની જવાબદારીઓ નિભાવવા મથતી આ સ્વમાની મહિલાએ સફાઈ કામદાર તરીકેનું કામ સ્વીકાર્યું. વહેલી સવારે જોધપુરની શેરીઓ વાળતી આશા મોડી રાત સુધી પરીક્ષાની તૈયારીમાં લાગી જાય. થોડા સમય પહેલા રાજસ્થાન જાહેર સેવા આયોગનું પરિણામ જાહેર થયું. જોધપુરની શેરીઓ સાફ કરવાનું કામ કરતી આશા કંડારાએ આર.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરી અને ૪૦ વર્ષની ઉંમરે ડેપ્યુટી કલેક્ટર તરીકે પસંદ થઈ. લોકો કટાક્ષમાં જે કહેતા હતા એને આશાના ઝનૂન અને જઝબાએ સત્ય સાબિત કરીને બતાવ્યું.

જોધપુરના મેયરે આશા કંડારાનું સન્માન કરતી વખતે કહ્યું કે 'જોધપુર નગરપાલિકાના ઈતિહાસની આ પ્રથમ ઘટના હશે કે કોઈ સફાઈ કામદાર સીધા જ ડેપ્યુટી કલેકટરના પદ પર પહોંચ્યા હોય.' આ ઘટના માત્ર જોધપુર નગરપાલિકાની જ નહી કદાચ સમગ્ર દેશની પ્રથમ ઘટના હશે મેં એક ૪૦ વર્ષની બે સંતાનોની માતા છે.

## વાસદ-તારાપુર-બગોદરા હાઇવે પર ટુ-ફોર વ્હીલરનો ટોલ ટેક્સ નહીં લેવાય

અમદાવાદ,તા.૧

ગુજરાત સરકારે મોટી જાહેરાત કરી છે. જે મુજબ વાસદ-તારાપુર-બગોદરા હાઇવે પર ટુ અને ફોર વ્હીલ પેસેન્જર વાહનો પાસેથી ટોલ ટેક્સ નહીં લેવામાં આવે. આ હાઈવેના રૂબરું નિરીક્ષણ દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી હતી.

નીતિન પટેલે જણાવ્યું , દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતાં મધ્ય ગુજરાતના આ હાઈવે પર માત્ર માલવાહક ટ્રકો, ટેંકર, ટ્રેલર, કન્ટેનર અને બસ જેવા મોટા વાહનો પાસેથી જ ટોલ ટેકસ વસૂલાશે. વાસદથી બગોદરા વચ્ચે તૈયાર થઈ રહેલા છ માર્ગીય રસ્તાની કામગીરીનું નિરીક્ષણ કર્યા બાદ તેમણે જણાવ્યું, ૪૮ કિમીના પેકેજનું ૯૫ ટકા કામ પૂરું થયું છે. એકાદ મહિનામાં કામ પૂરું થશે. દેશમાં નમૂનેદાર બની રહેનારા આ રસ્તાના લોકાર્પણ માટે પીએમને આમંત્રણ અપાશે.

## અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના

# રજોડા નવનિર્મિત "સમગ્ર શિક્ષા બોયઝ હોસ્ટેલ" અને "ICT-લેબનું " લોકાર્પણ કરતા સાંસદ શ્રી ડો.કિરીટભાઈ સોલંકી

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના રજોડા ગામે મોર્ડન હાઈસ્કુલ ખાતે સાંસદશ્રી કિરીટભાઈ સોલંકી દ્વારા બોયઝ હોસ્ટેલ અને જ્ઞાન કુંજ પ્રોજેક્ટ હેઠળ નવનિર્મિત ૈંઝ્- લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું

આ પ્રસંગે સાસંદશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વહેઠળની સરકાર પાંચ વર્ષ કરવા જઇ રહી છે.જેની કાર્યસિદ્ધિ ના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં આજે જ્ઞાનશક્તિ દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે જ્ઞાનશક્તિ નો દિવસ છે, જ્ઞાનની પરબનો દિવસ છે, જ્ઞાન વહેંચવાથી વધે છે તેથી જ આપણા ઉત્તમ શિક્ષકો દ્વારા ઉત્તરોત્તર ભવિષ્યની ઉત્તમ પેઢીનું નિર્માણ કરી રહ્યા છે.

સાસંદશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, શિક્ષણને બળ આપવું એ હંમેશાથી રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે, તેમજ અત્યારે રાજય સરકાર દ્વારા સરકારી સ્કૂલોને સ્માર્ટ સ્કૂલમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. જેમાં ઉત્તમ સગવડો, પાયાનું શિક્ષણ, સંસ્કાર સીંચન કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજયના બાળકો, દીકરીઓ, વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર હરહંમેશ કટિબદ્ધ રહી છે.

સરકાર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ, નમો ટેબલેટ જેવી સહાય થી વિધાર્થીઓને ડિજીટલ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સત્વરે પ્રાપ્ત કરાવવા સરકાર ના પ્રયત્નો રહ્યા છે જેમાં સરકારને જવલંત સફળતા પણ મળી છે.

પહેલા રાજયમાં ચાર થી પાંચ યુનિવર્સિટી આજે તેની સંખ્યા વધીને ૯૧ છે, જે ગૌરવની વાત છે.. સાણંદના ધારાસભ્યશ્રી કનુભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાના લીધે સમગ્ર શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું, ઓફલાઈનની જગ્યાએ ઓનલાઈન શિક્ષણકાર્ય ચાલુ થયું તેમ છતાં પણ ગુજરાતનો એક પણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત રહ્યોનથી.સરકારે દરેક વિદ્યાર્થીને પુરતુ શિક્ષણ મળી રહે તે માટે વ્યવસ્થા કરી હતી,અને જયાં ઈન્ટરનેટ કનેક્શન ન હતું ત્યા ટીવી દ્વારા અથવા તો શિક્ષકો તેમના ઘરે જઈને વિદ્યાર્થીઓને ભણાવતા હતા, આ કાર્યક્રમમાં રોજડા ગામના સરપંચશ્રી રમેશભાઈ મકવાણા, શિક્ષણ વિદો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-અંજલી શુક્લ

# સીપ્લેન નિયમિત રીતે ઉડે એટલે રિવરફ્રન્ટ પર વધુ ૧૦ લાખના ખર્ચે મોનિટરિંગ સ્ટેશન બનશે

અમદાવાદ,તા.૧

સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે દેશની પ્રથમ સી પ્લેન સેવા શરું કરવામાં આવી હતી. હાલ કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવેલી આ સર્વિસને ફરી શરું કરતા પહેલા તેના બંને તરફના એરોડ્રોમ પર એરક્રાફ્ટ મોનિટરિંગ સ્ટેશન બનાવવામાં આવશે. ગુજરાતના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા રિવરફ્રન્ટ પર હાલના વોટર એરોડ્રોમ ઓપરેશન સેન્ટરની ઉપર એક વધારાનું શેડ બનાવામાં આવશે જેથી ફ્લાઈટના ટેકઓફ અને લેન્ડિંગમાં સરળતા રહે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સી પ્લેન સેવા હાલમાં સ્થગિત છે અને સપ્ટેમ્બરમાં ફરી શરૂ થવાની શક્યતા છે. આ સેવા માટે મોનિટરીંગ પોસ્ટની જરૂરિયાત સમજાવતા એક અધિકારીએ કહ્યું કે સી પ્લેનનું સંચાલન વિઝ્યુઅલ ફ્લાઈટ રૂલ્સ પર આધારિત છે. તેનો સીધો અર્થ એ છે કે વિમાન તેને ચલાવનાર ને સ્પષ્ટ દેખાય તેવી હવામાન પરિસ્થિતિઓમાં કાર્ય કરે છે. વાદળો, વરસાદ, ધુમ્મસ, લો વિઝિબિલિટી અને પ્રતિકૂળ હવામાન દરમિયાન આ સેવામાં અવરોધ ઉભા થાય છે.

વોટર એરોડ્રોમમાં પહેલેથી જ હવામાન મોનિટર, બિકન, લેન્ડિંગ-ટી અને વિન્ડસોકથી સજ્જ એરક્રાફ્ટ મોનિટરિંગ સ્ટેશન છે. જો કે, હાલમાં જે ઊંચાઈ પર છે તે પક્ષીઓની હિલચાલ પર નજર રાખવા માટે યોગ્ય નથી. તેથી આ જ સ્થળે ઉપર પ્લેનના માર્ગમાં આવતા અવરોધો પર નજર રાખવા માટે એલિવેટેડ કેબિન બનાવવામા આવશે. તેના માટે ૧૦ લાખ રૂપિયાના રોકાણની જરૂર પડશે.

નવા સ્ટેશનના નિર્માણ માટે તાજેતરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું અને રસ ધરાવતી પાર્ટીને આમંત્રિત કરવામાં આવી હતી. અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલર તરફથી કોમ્યુનિકેશન્સ, નેવિગેશન એન્ડ સર્વેલન્સ સિસ્ટમ્સ અને સંબંધિત મોનિટરિંગ ચાલુ રહેશે. સુસ્થાપિત સૂત્રોએ જણાવ્યું હતું કે પાલિતાણા નજીક શેત્રુંજય ડેમ પર વોટર એરોડ્રોમ સ્થાપિત કરવા માટે ૨ એકરના પ્લોટને પણ સરકાર દ્વારા પસંદ કરવામાં આવ્યો છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ
વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ.(તા.૦૨-૮-૨૦૨૧) દિવસ - ૭(છેલ્લો દિવસ)

Jan fariyad & News of Gandhinagar daily
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG SS No-0042

વિષય-સફળતા-નિષ્ફળતા
પ્રકાર-ગદ્ય
શીર્ષક- સિક્કાની બે બાજુ
શબ્દો-૨૧૦

'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી ચણાયેલી ઇમારત એના નકશામાં નથી હોતી.'

ઘણાં લોકો સફળતા અને નિષ્ફળતા માટે નસીબને જવાબદાર ગણે છે, પણ મારા મતે સફળતા મેળવવા અથાગ પરિશ્રમ કરવો પડે એ સત્ય હકીકત છે. સફળતા મળતાં હરખાતો માનવી,છકી જતો માનવી. નિષ્ફળતા સમયે કેમ હિંમત હારી નાસીપાસ થઈ જાય છે? ખરેખર તો સફળતા અને નિષ્ફળતા એ સિક્કાની બે બાજુઓ છે.

ઘણી વખત મળતી નિષ્ફળતા પછી આપણી જાતને સવાલ પૂછવો જોઈએ કે અનુભવ પરથી મને શું શીખવા મળ્યું? અને તેનો જવાબ મળે ત્યારે જીવનમાં આવતા દરેક સંકટોનો સામનો કરી નિષ્ફળતાને સફળતામાં ફેરવી શકાય. દરેક સફળ માનવીની યશગાથા સાથે નિષ્ફળતાની વાતો વણાયેલી હોય છે, એટલે જ કહેવાયું હશે ને? 'નિષ્ફળતા એ સફળતાની ચાવી છે.'
એકવીસ વર્ષ ધંધામાં નિષ્ફળતા, બાવીસમાં વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં હાર્યા.ચોવીસ વર્ષે ફરી ધંધામાં નિષ્ફળતા. છવીસ વર્ષે પત્નીનું અવસાન સત્તાવીસ વર્ષે માનસિક વિકૃતિનો ભોગ બન્યા ચોંત્રીસ વર્ષે સંસદીય મંડળની ચૂંટણીમાં હાર્યા આખરે બાવનમાં વર્ષે અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા અબ્રાહિમ લિંકનને તમે શું કહેશો? નિષ્ફળ કે સફળ?

ખરેખર તો જીવનનું લક્ષ્ય જ આપણા જીવનને અર્થ આપે છે, અને એ જ સફળતા તરફનું પહેલું પગથિયું છે. ચાંદો બનવાનું લક્ષ્ય રાખીએ તો તારો તો અવશ્ય બની શકાય ખરું ને?

પૂજા(અલકા)કાનાણી

## NOG SS No.0102

શીર્ષક:--સફળતા--નિષ્ફળતા.
પ્રકાર :--ગદ્ય.

સફળતા--. નિષ્ફળતા.

સફળતા એટલે સુખ વૈભવ શાંતિ અને આનંદનો અનુભવ. નિષ્ફળતા એટલે ચિંતા દુ:ખ અને મુશ્કેલીનો અનુભવ.

માનવજીવનમાં સફળતા અને નિષ્ફળતા બંને અનુભવેલી ઘટનાઓ હોય છે .બંનેમાંથી કોઈપણ કાયમ રહેતું નથી.

માનવ વાનર માંથી સર્વોત્તમ માનવ અને અગ્નિથી ચક્રની શોધ અને આજે મંગળ સુધી ની સફર એ અનેક ક્ષેત્રોમાં થયેલ વૈજ્ઞાનિક પ્રગતિ અને દરેક ક્ષેત્રોમાં થયેલી અનેક શોધો જેને કારણે અનેક શાસ્ત્રો નો વિકાસ થયો .આર્થિક ,સામાજિક ,ધાર્મિક, રાજકીય, ઉન્નતિ વગેરે બાબતો માટે હજારો , લોકોએ હજારો વર્ષો સુધી નિષ્ફળતાના અનેક પ્રયોગોનું પરિણામ આજે આપણે જોઇયે અને માણી રહ્યા છીએ. નિષ્ફળતાનું એક એક ડગલું જો મક્કમતાથી, હાર્યા વિના ,નિશ્ચય પૂર્વક ,સતત આગળ ચાલ ચાલતું એ પ્રયાણ અંતે સફળતાના દરવાજા ખોલી આપે છે. આમ માનવીએ સૌપ્રથમ તો નિષ્ફળતા માંથી જ પ્રગતિ કરી છે.

સફળતા મળ્યા પછી પણ તેના શિખર તરફ માનવી આગેકૂચ કરે છે. જીવનમાં ધન ,વૈભવ, સુખ-સમૃદ્ધિ ,સુવિધા વગેરે પ્રાપ્ત થતાં હોય છે ,પરંતુ તેને લાંબો સમય સુધી ટકાવી રાખવું પણ મુશ્કેલ હોય છે. ઘણા બધા લોકો સફળ રહ્યા પછી પણ પોતાના સ્વભાવગત દુઃખ અનુભવતા હોય છે . પોતાની પાસે રહેલી વસ્તુ હોવા છતાં પણ તેના અભાવની તેને ચિંતા છે .મારે અમુક જોઈએ છીએ ,મારા છોકરાઓ મારું માનતા નથી .આવી નાની નાની ફરિયાદો કરી ને રાત્રે ઉંઘી પણ શકતા નથી .આમ તેઓ સફળતાનો આનંદ માણી શકતા નથી. કેટલાક લોકો તો વધુ મેળવવા માટે પોતાની પાસે જે કંઈ હોય છે , તે દાવ ઉપર લગાડી દેશે અંતે બધું ગુમાવે છે અને નિષ્ફળતાની ખાડીમાં પડી જાય છે ,અને પાછા તેમાંથી ડૂબકા મારતા બહાર નીકળવાની કોશિશ કરે છે.

ખરેખર સાચું તો સફળતા અને નિષ્ફળતા આ બંને માનવી સાથે રહેલા સંચિત અને દૈનિક કર્મનું જ ફળ છે. ઈશ્વરી જે સંકેત હોય તે જ પ્રમાણે થતું હોય છે .માણસ જે નિષ્ઠાથી સાચા પ્રયત્ન કરે છે તેને જ સફળતા મળે છે.

તમારા પાસે જે કંઈ છે તેનાથી સંતોષ માનો એ જ સાચું સુખ છે. પ્રયત્નો દ્વારા તેમાં વધુ સફળતા નો ઉમેરો કરી શકાય પણ નિષ્ફળતાથી પણ ડરવું ન જોઈએ.

રતિલાલ વાયડા,નવી મુંબઈ

---

## NOG SS No : 0031

વિષયઃ સફળતા, નિષ્ફળતા
વિભાગઃ ગદ્ય
પ્રકારઃ ટૂંકી વાર્તા
શીર્ષકઃ- કોશિશ

રોહનને ફૂટબોલ રમવાનો બહુ જ શોખ હતો.તે સારું રમતો પણ ખરો, પરંતુ જ્યારે પણ કોલેજમાંથી રાજ્યકક્ષાના ફૂટબોલ મેચ માટે ટીમ પસંદ કરવામાં આવી તો તેની પસંદગી ના થઇ. આવું તેની સાથે
પહેલાં પણ બની ચૂક્યું હતું. આ વખતે પોતાની આટલી બધી પ્રેક્ટિસ છતાં પણ પોતે પસંદગી ના પામ્યો તેથી ખૂબ નિરાશ થઇ ગયો. તેણે મનમાં નક્કી કર્યું કે એ હવે
ક્યારેય પણ ફૂટબોલ નહીં રમે.

રોહન કોલેજથી ઘરે આવી ઘરમાં કોઇની પણ સાથે કશી વાતચીત કર્યા વગર પોતાનાં રુમમાં જતો રહ્યો. એ એનાં રુમમાં નિરાશ થઇને ફૂટબોલ સાથેનો પોતાનો ફ્રેમમાં રહેલો ફોટો જોતો હતો ત્યાં જ એક કરોળિયાને તે ફ્રેમ પર ચડતાં જોયો. એ કરોળિયો એ ફ્રેમ ઉપર પોતાનું જાળું બનાવવાની કોશિશ કરતો હતો પણ જેટલીવાર તે જાળું ગૂંથવા જતો એટલી વાર તેનું જાળું તૂટતું તો પણ તે ફરીવાર તે પ્રયત્ન કરતો આમ જ પ્રયત્નો
કરતાં કરતાં આખરે તે જાળું ગૂંથીને જ રહ્યો. આ જોઇને
રોહને મનમાં કંઇક નિશ્ચય કર્યો. રોહને બીજા દિવસથી ભણવાની સાથે સાથે ફૂટબોલની પ્રેક્ટિસમાં પણ પૂરતું ધ્યાન આપવા લાગ્યો.
ફૂટબોલની રમતમાં જ્યાં તેને પોતાની રમતમાં સહેજ પણ કચાશ લાગતી તેમાં તે વધુ સારું કરવાનો પ્રયત્ય કરવા લાગ્યો. આમ જ પ્રેક્ટિસ કરતાં તે એકદમ ઉત્તમ ખેલાડી પૂરવાર થયો અને એ વર્ષે તે રાજ્યકક્ષાની ટીમમાં કપ્તાન તરીકે પસંદગી પામ્યો.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

## NOG:SS No : 0101

પ્રકારઃ ગદ્ય
વિષયઃ સફળતા - નિષ્ફળતા
શીર્ષકઃ આગળ વધો
લેખકઃ ભરત સાંગાણી

સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા દરેક પૃથ્વીવાસીની હોઈ છે. એ વ્યક્તિ બાળક હોઈ, યુવાન હોઈ, કે વયસ્ક હોઈ. વિશાળ જીવનના ફલકમાં દરેક પગથિયાં પર માણસને આગળ વધવાની વધારે ને વધારે સફળતા પામવાની ઝંખના હોઈ છે.
આપણે હમેંશા જે મળે તેનાં કરતાં વધારે ઇચ્છીએ છીએ અને જલ્દી સફળ થવાની ખેવના હોઈ છે, જો તેમ ન થાય તો માણસ હતાશ થઈ જાય છે. નિરાશામાં સરી જાય છે. ઘણા લોકો પોતાના જીવનથી એ હદ સુધી કંટાળી ગયા હોય છે કે આત્મહત્યા કરી બેસે છે.
આજે આધુનિક જમાનામાં જો કોઈ સૌથી મોટી બીમારી હોઈ તો તે છે માનસિક તાણ. જે માણસને અંદરથી ખોખલો કરી નાખે છે. ખુશીઓ સાથે જીવનનો ઉત્સાહ પણ છીનવી લે છે.
આવા અસંખ્ય દાખલાઓ આપણને મળી રહેશે. મોટાભાગે આજે અતિ જાણીતી વ્યક્તિઓએ તેમના સંઘર્ષકાળમાં નિષ્ફળતાઓ અનુભવી છે. પરંતુ તેમણે હિંમત હાર્યા વિના તેમના માર્ગમાં સતત પ્રયત્નશીલ રહ્યા છે અને પોતાના કાર્યક્ષેત્રમાં અદ્ભૂત પ્રચંડ સફળતાઓ મેળવી છે.
જાતિ - પંથ- ધર્મ કે રંગભેદ તેમને તે સફળતા મેળવતા અટકાવી શકી નથી.
આજે નિષ્ફળતા ખંખેરી નાખી સફળતાની સીડી પર ડગ માંડવા ઉત્સાહિત કરે તેવો એક પ્રસંગ વર્ણવું છું.
સ્ટીવ જોબ્સઃ 'એપલ' જેવી ખૂબ મોટી કંપનીનો સ્થાપક સ્ટીવ જોબ્સની કહાણી રસપ્રદ છે.
તમને જાણીને આશ્ચર્ય થશે કે આજે બે બિલિયન ડોલર્સની કંપની અને ૪૦૦૦ કર્મચારીઓ ધરાવતી આ 'એપલ' કંપની ફક્ત બે કર્મચારી સાથે ગેરેજમાં શરૂ થઈ હતી.
તેણે સફળતા મેળવી તે પહેલાં નિષ્ફળતાઓ તેના કદમમાં વિંટળાયેલી હતી. તે જે કંપનીમાં કામ કરતો હતો તેમાંથી તેને કાઢી નાખવામાં આવ્યો હતો . બીજે પણ બહુ પ્રયત્નો કર્યા પણ કામ મળતું ન હતું . તેણે પોતાની નિષ્ફળતાથી હાર્યા વિના પોતાના નસીબને દોષ દીધાં વિના પ્રયત્ન જારી રાખ્યા.
તે પોતે પોતાની આવડત અને શક્તિઓ વિષે સભાન હતો , તેણે પોતાના સ્વપ્નની કંપની સ્થાપવા અથાગ ને સતત પ્રયત્નો કર્યા અને તે છે " એપલ".
સફળતા નાના નાના બહાનાઓની મોહતાજ નથી . મહાન વ્યક્તિઓના શૂન્યમાંથી સર્જન કરવાના પ્રેરણાદાયી જીવન ચરિત્રોનું વાંચન મનન તમને તમારા પથ પર આગળ વધવા દીવાદાંડીની ગરજ સાધશે.
આપણે મનુષ્ય છીએ , આપણી અંદરતો પ્રાણ છે,કામ કરવાની તાકાત છે, તો શું કામ ચિંતા કરવાની? હતાશ થવાનું? પરિસ્થિતી કોઈપણ હોઈ ઉકેલ આવે જ છે. "હિંમતે મર્દા તો મદદે ખુદા" . તમામ કાર્યમાં એકાગ્રતા અને નીડરતાથી લાગી જાવ સફળતા તમારે દ્વારે જ ઉભી છે.

લેખક : ભરત સાંગાણી.

---

## NOG SS No : 0073

વિષય.. સફળતા
શીર્ષક..તું ક્યાં છે?
પ્રકાર.ગદ્ય.

સતત નિષ્ફળતા થી થાકી ગયેલો માનવી સફળતા તું ક્યાં છે? એવો સવાલ જ્યારે પોતાના મનને પૂછે છે ત્યારે ,સફળતા એને જવાબ આપે છે,
હું,તારી મજબૂત કંધો પર છું, હું,તારા મનોબળમાં છું, હું તારા સાહસમાં છું,
તારા ધૈર્યમાં છું, તારી વાણીમાં છું, તારી મહેનતમાં છું, બસ તું તારું કાર્ય પુરી નિષ્ટાથી કર, હું તારા કદમોમાં રહીશ,બસ મને માથે ના ચડાવતો,
જ્યારે સફળતા માણસને માથે ચડી જાય ત્યારે અહંકાર બની જાય છે,
બસ હું તારી સાથેજ છું, તું તારી જાત પર ભરોશો રાખીને આગળ વધ.આટલું બોલી સફળતા અદ્રશ્ય થઈ ગઈ,શોધવાની તમારે..

નયના પટેલ..વડોદરા.

## NOG.SS.NO. 0098

प्रकार = गद्य
विषय= सफलता -असफलता , सक्रिय-निष्क्रीय।
शीर्षक= निष्क्रीयता का प्रभाव।

सफल -असफल, सक्रिय-निष्क्रीय मानवीय जीवन के भोग हैं,पहलू हैं। हमारे देश (भारत) में बहुत से ऐसे खिलाड़ी हैं जिन्होंने अपनी कार्य कौशल से खेल जगत में इतिहास रचकर देश का नाम रोशन किया है।

ऐसी ही एक शख्सियत हैं, उत्तराखंड से दिलराज कौर। जो कि दिव्यांग है,पर दिव्यांग कहलाना पसंद नहीं करती। भारत की प्रथम महिला पैराशूट एयर पिस्टल में । राष्ट्रीय स्तर पर २४गोल्ड मैडल,८सिलवर मैडल व अन्य और भी मैडल जीतकर देश का नाम रोशन कर चुकी हैं।

मध्यमवर्गीय परिवार से हैं। पिता का साया उठ जाने से किराए के मकान में रहती हैं। संघर्ष रथ पर सवार रोड़ पर पारले जी बिस्कुट , चिप्स व मूंगदाल के पैकेट बेचकर महेनत कर जीवनयापन कर रही हैं।


हमारे देश की ये कैसी विडंबना है जो खिलाड़ी आर्थिक रूप से मजबूत हैं,वो पेप्सी, चिप्स की एडवरटाइजिंग देकर कमा रहे हैं, साथ ही सरकार व देशवासियों का साथ सहकार भी पा रहे हैं। ऐसे खिलाड़ियों को हक़ मिल सकता है तो इस तरह के संघर्षमयी संघर्ष रथ पर सवार खिलाड़ियों को दर-बदर की जिंदगी क्यों? उनके संघर्ष रथ पर पूर्ण विराम क्यों?

इसका मुख्य कारण निष्क्रीयता ही तो है। लेकिन होनहार खिलाड़ियों की नहीं। वे तो आज भी शीर्ष पर खड़े हैं।

धिक्कार है हमारी केन्द्र सरकार, राज्य सरकार,खेल मंत्रालय, खेल मंत्री यों की निष्क्रियता पर,जो देश के गौरव व सफलता के शीर्ष पर खड़े खिलाड़ियों को गुमनामी की ओर धकेल कर जिंदगी जीने को विवश करते हैं ,तो कितनों को हालातों से हारकर घुटने टेकने को मजबूर.........
(सफल होने के बावजूद निष्क्रीयता का कितना गहरा प्रभाव पड़ता है जीवन में दोस्तों......)
✍️
लीना शर्मा
हालोल।

## ગઝલ

ખજાનામાં ફકત રેતી, 'ને થોડા શંખ - કોડી છે,
સમંદર નામ રાખ્યું છે, અને હાલત કફોડી છે;
હલેસા છે કલમનાં, 'ને મળી કાગળની હોડી છે,
વમળ છે રેતનાં એમાં, તમે જ્યાં નાવ છોડી છે;
વિવેચનની નવી આ રીત કહો ક્યાંથી શીખી લાવ્યા?
રહીને કાચના ઘરમાં, બીજે વીંઝી હથોડી છે;
ગમે તે રહી ભલે હાલત, કદી ના રંજ કીધો છે,
ઘણાંયે હોય છે એવા, ભલે લાગે ગપોડી છે;
હજીયે આઈનો જોઈને અટકી જાઉં છું મિત્રો,
ગયા છે વાળ માથેથી અમિત, ક્યાં મૂછ બોડી છે?



અમિત સોલંકી
કેલિફોર્નિયા
(યુ.એસ.એ )

# ધોળકા તાલુકા પંચાયતનું ઈ- લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું



પાંચ વર્ષ આપણી સુખાકારીના, ×સૌના સાથ - સૌના વિકાસના× અન્વયે પાંચ વર્ષમા થયેલા જનહિત- લોકકલ્યાણના અનેકવિધ વિકાસ કામોનુ જ્ઞાનશક્તિ દિવસે લોકાર્પણ અને લાભ વિતરણના કાર્યક્રમો સમગ્ર રાજયમાં યોજવામાં આવ્યા.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નિર્મિત ધોળકા તાલુકાના લોકોની સુખાકારીમા વધારો કરવાના ઉમદા હેતુથી રૂ.૨૪૦ લાખના ખર્ચે નવીનીકરણ પામેલ તાલુકા પંચાયતનું ઈ- લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા જીલ્લા વિકાસ અધિકારીશ્રી અનીલભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે × રાજય સરકારની તમામ યોજનાઓ છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચે એ આપણી નેમ છે. ગ્રામ્ય કક્ષાએ સશક્ત પંચાયત થકી મહત્વની સેવાઓ ઉપલબ્ધ કરાવીને સમૃદ્ધ ગામ બનાવવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.

ધોળકા તાલુકાના ૭૧ ગામોના લોકોનાં પ્રશ્નોનું સમાધાન ઘર આંગણે થાય એ માટે નવનિર્મિત તાલુકા પંચાયતનું નિર્માણ કરવામાં આવ્યું છે.×

×નવીનીકરણ પામેલ તાલુકા પંચાયતથી લોકોની સુખાકારીમા વધારો થશે અને પ્રજાકીય પ્રશ્નોનું નિવારણ ઝડપથી થશે એમ જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું.

કોવિડ ૧૯ ની પરિસ્થિતિમા ધોળકા તાલુકાના ૭ ગામોમાં ૧૦૦% રસીકરણ થયું છે તે તમામ સરપંચશ્રીઓને ડીડીઓ શ્રી અનીલભાઈ ધામેલિયાએ અભિનંદન પાઠવ્યા હતા અને સમગ્ર તાલુકાના તમામ લોકો રસીકરણ કરાવે તેવો ભારપૂર્વક આગ્રહ કર્યો હતો.×

આ પ્રસંગે નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મેરુભાઈ અલગોતર, પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી,તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેન, કારોબારી સભ્યો, સરપંચશ્રીઓ,નાયબ કાર્યપાલક ઇજનેર ઉપસ્થિત રહ્યા હતા.




હિન્દુઓની આસ્થાના પ્રતિક સમી ગાય ને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવા ની માંગ સાથે રવિવાર સવારે આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હરિદાસ મહારાજ ને પોલીસે અટકાવતા, હવે તેઓ સચિવાલય સામે સ્ટાફ ટ્રેનિંગ કૉલજની પાછળ આવેલા રોકડીયા હનુમાન મંદિર ખાતેથી, પોતાનું ઉપવાસ આંદોલન ચાલુ રાખવાના હોવાનું જણાવ્યું છે.

ગાંધીનગર સેકટર ૬ સત્યાગ્રહ છાવણી ઉપર આજે રવિવારે હરિદાસ મહારાજ ઉપવાસ ઉપર બેઠા હતા. ગાય ને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવા ની માંગ સાથે આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હરિદાસ મહારાજ સહિત તેઓની સાથે આવેલા ગૌ ભક્તો ને પોલીસે સ્થળ ઉપર થી હટાવી લીધા હતા. જોકે, પોતાની માંગને વાજબી ગણાવતા હરિદાસ મહારાજે આમરણાંત ઉપવાસ ચાલુ રાખવાનું જાહેર કર્યું હતું.

સેક્ટર ૭ પોલીસ મથકથી બહાર નીકળતી વખતે તેઓએ ગૌ ભક્તોને જણાવ્યું હતું કે સેકટર ૧૭ જૂના ૨ - ૭ ક્વાર્ટર મા, સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ની પાછળ આવેલ રોકડીયા હનુમાનજી ના મંદિર ખાતે ઉપવાસ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી હતી.

ગાય પ્રત્યે અખૂટ લાગણી ધરાવતા હરિદાસ મહારાજે ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવાની માંગ ને પરિપૂર્ણ કરવા માટે પોતાના છેલ્લા શ્વાસ સુધી ઉપવાસ કરવાની જાહેરાત કરી હતી.

### માણાવદર સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની નિમણુક કરવા માંગ

# શ્રી રાજપૂત કરણી સેનાના પ્રમુખ મહેન્દ્રસિંહ ચુડાસમાએ આરોગ્ય મંત્રીને પત્ર પાઠવી કરી રજૂઆત

માણાવદર તાલુકાના ૫૫ ગામડાઓ અને બે શહેરો વચ્ચે આવેલ એકમાત્ર સરકારી હોસ્પિટલમાં સ્ત્રીરોગ નિષ્ણાત ડોક્ટર જ નથી મહિલા રોગના તબીબ ન હોવાથી પ્રસુતિ વખતે મહિલાઓને ખૂબ જ તકલીફ પડે છે. આ ઉપરાંત આ દવાખાનામાં બાળરોગ નિષ્ણાંત તેમજ હાડકાના સર્જનની જગ્યાઓ પણ ખાલી પડી છે આ ખાલી પડેલી જગ્યાઓ ઉપર તાત્કાલિક ડોક્ટરોની નિમણુક કરવા માટે શ્રી રાજપૂત કરણી સેનાના માણાવદર તાલુકાના પ્રમુખ મહેન્દ્રસિંહ ચુડાસમાએ આરોગ્ય મંત્રીને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરેલ છે

માણાવદર શહેરમાં ૫૫ બેડની સિવિલ હોસ્પિટલ આવેલી છે અને આ હોસ્પિટલમાં ડોક્ટરોના મંજુર થયેલ મહેકમ પૈકીની ઘણી જગ્યાઓ ખાલી છે તેમજ માણાવદર તાલુકા અને આજુબાજુના વિસ્તારમાં તાત્કાલિક સારવાર માટેની આ એક જ હોસ્પિટલ આવેલી હોય માણાવદર અને બાટવા શહેર તથા આસપાસના ૫૦ જેટલા ગામડાઓના લોકોને ડોક્ટર ન હોવાથી સમયસર સારવાર મળી શકતી નથી તેમજ પ્રસુતિના કેસો, અકસ્માતના કેસો જૂનાગઢ શહેરમાં રીફર કરવામાં આવે છે મહેન્દ્રસિંહ ચુડાસમાએ વધુમાં જણાવ્યું છે કે ૫૫ બેડની હોસ્પિટલ હોવા છતાં ડૉક્ટરો ન હોવાથી આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ઘણાં જ બોજ સહન કરવા પડે છે .અને બહારગામની હોસ્પિટલમાં સારવાર લેવા જવું પડે છે જે મધ્યમ વર્ગના લોકોને પોસાય નહીં જેથી માણાવદર સરકારી હોસ્પિટલમાં તાત્કાલિક ડોક્ટરોની નિમણુક કરવા માંગ કરી છે

અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

**પાંચ વર્ષ કાર્યસિદ્ધિના પાંચ વર્ષ સૌના સાથ અને સૌના વિકાસના**

# "જ્ઞાન શક્તિ દિવસ"ના અવસરે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની ગુજરાત યુનિવર્સિટીમાં પ્રેરક ઉપસ્થિતિ

## સુશાસનમાં કાયદા અને કાર્યપ્રણાલીમાં સુધારા ખૂબ જ જરૂરી છે :રાજ્ય સરકારે પોલીસી,પ્રોસીઝર,પેપરવર્ક અને હ્યુમન રીસોર્સ ક્ષેત્રે ધરખમ ફેરફારો કર્યા છે –મહેસૂલમંત્રી શ્રી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારને પાંચ વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યા છે. આ અવસેર સમગ્ર રાજયમાં પાંચ વર્ષની કાર્યસિધ્ધિના ભાગરૂપે અનેકવિધ લોકાર્પણ, ખાતમૂહૂર્ત અને લાભાર્થીઓને લાભાન્વિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

આજે આ અવસરના પ્રથમ દિવસ "જ્ઞાન શક્તિ દિવસ"ના ઉપલક્ષ્યે અમદાવાદ શહેરની ગુજરાત યુનિવર્સિટીમાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

"જ્ઞાન શક્તિ દિવસ" ના અવસરે મહેસૂલ મંત્રીશ્રીએ શિક્ષણ અને કેળવણી કરતા પણ જ્ઞાનની શક્તિ અમાપ હોવાનું કહ્યું હતુ. તેઓએ એમ પણ કહ્યું કે શિક્ષણ અને કેળવણી વિધાર્થીકાળ સુધી સિમિત રહી જાય છે. જયાર જ્ઞાનની શક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં મહત્વની છે.

મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, પાંચ વર્ષ કાર્યસિધ્ધિના પૂર્ણ થવા જઇ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ અવસરની ઉજવણી નહી પરંતુ પ્રજાની વચ્ચે જઇને જનહિતલક્ષી કાર્યોનો વાર્તાલાપ કરવામાં આવશે. ઓગસ્ટ મહિનાના શરૂઆતના ૯ દિવસ સુધી પ્રજાના પ્રતિનિધી પ્રજા વચ્ચે જઇને પાંચ વર્ષની કાર્યસિધ્ધી અંગે વાર્તાલાપ કરશે.

સમગ્ર દેશમાં ૨૭ વર્ષ સુધી એક જ રાજકીય પાર્ટીને પ્રજાની સેવા કરવાનો મોકો મળ્યો હોય તેવું ગુજરાત એકમાત્ર રાજ્ય છે. આ અગાઉ વેસ્ટ બંગાળમાં શ્રી બસુના નેતૃત્વ હેઠળની સરકારે ૨૩ વર્ષસુધી લગાતાર સત્તામાં રહીને પ્રજાની સેવા કરી હતી.ગુજરાતમાં ભા.જ.પા.નું લગાતાર ૨૭ વર્ષનું સુશાસન પ્રજાનો તેમનામાં રહેલો વિશ્વાસું સૂચન કરે છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકારના ચાર આધાર સ્તંભો છે. સંવેદનશીલતા, પારદર્શિતા,નિર્ણાયકતા, પ્રગતિશીલતા રૂપી આધારસ્તંભો પર સરકાર કાર્ય કરી રહી હોવાનું જણાવી રાજ્યસરકાર તેનું અનુકરણ કરીને જે કામગીરી કરી રહી છે તેનો વિસ્તૃત ચિતાર મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે રજૂ કર્યો હતો. સરકારમાં સમયાંતરે રીફોર્મસ લાવવા ખૂબ જ જરૂરી છે. રાજ્ય અને દેશમાં કેટલાક કાયદા અને કાર્યપ્રણાલી બ્રિટીશ શાસન વખતની અનુસરવામાં આવે છે. ગુજરાત રાજ્યની સરકારે બ્રિટીશ કાર્યપ્રણાલી અને કાયદાઓમાં મહદ્અંશે ફેરફારો કરીને પ્રવર્તમાન સ્થિતિનું આંકલન કરીને તેને પ્રજાલક્ષી બનાવ્યા છે. જેમાં મહેસૂલલક્ષી કેટલીક સેવાઓ જેવી કે ઓનલાઇન એન.એ. , ડિજીટલ માધ્યમો દ્વારા ઘેરબેઠા અરજી કરવી વગેરેનો સમાવેશ થાય છે.

કોઇપણ નાગરિકને સરકારી કચેરીના ધક્કા ન ખાવા પડે, આંગળીના ટેરવે રાજ્યના કોઇપણ સ્થળેથી તે અરજી કરી શકે , સરકારી સેવાનો લાભ મેળવી શકે તે માટેની ઘણી સુવિધા રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ સમગ્ર કામગીરીને વધુ સરળ બનાવવા માટે પોલીસી રીફોર્મ,પ્રોસીઝર રીફોર્મ, પેપરવર્ક રીફોર્મ અને હ્યુમન રીસોર્સ ક્ષેત્રના રીફોર્મ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેના કારણે જનહિતલક્ષી પરિણામો મળતા થયા છે.

આ કાર્યક્રમમાં અમદાવાદ કલેક્ટર શ્રી સંદિપ સાગલે, શહેરના અગ્રણી શ્રી ધર્મેન્દ્રભાઇ શાહ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો.ડૉ. હિમાંશુ પંડ્યા અને ઉપલકુલપતિ શ્રી જગદિશ ભાવસાર સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ



ગાંધીનગર શહેર જિલ્લા સમિતિ .જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત શિક્ષણ બચાઓ કાર્યક્રમ.

# રૂ.૬૮.૪૪ લાખનાં ખર્ચે તૈયાર હેબતપુર માધ્યમિક શાળાનું લોકાર્પણ કરતાં શ્રી વલ્લભભાઈ કાકડિયા



મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સરકારના પાંચ વર્ષના સુશાસન અન્વયે તા. ૧ લી થી ૯ સુધી

યોજાનારા રાજયવ્યાપી કાર્યક્રમના ભાગરૂપે આજે પ્રારંભાયેલા "જ્ઞાન શક્તિ દિવસ" નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો હેઠળ અનેક જગ્યાએ શાળાઓનુ પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

રાજય સરકાર દ્વારા શિક્ષણ સેવા યજ્ઞને પ્રજ્વલિત રાખવા માટે સતત સક્રિય છે. કોઈપણ વિધાર્થીઓને અભ્યાસ અર્થે ઘરથી દૂર જવું ન પડે અને ઘર આંગણે જ શિક્ષણ મળી રહે તેની સુચારુરુપ વ્યવસ્થાના ભાગરૂપે કામગીરી કરવામાં આવે છે.

ધોલેરા તાલુકાના હેબતપુર માગે રુ?.૬૮.૪૪ લાખના ખર્ચે નવનિર્મિત ઈસ્જીછ માધ્યમિક શાળાનું લોકાર્પણ પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઈ કાકડિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. ધોરણ ૯ અને ૧૦ માં ભણતાં આસપાસના પાંચ ગામનાં વિધાર્થીઓ અહીં આવીને અભ્યાસ કરી શકશે.

આ પ્રસંગેધોલેરા તાલુકા પંચાયતપ્રમુખશ્રીસુભાષભાઈગોહિલ,જીલ્લા પંચાયતના સભ્યશ્રીઓ સ્થાનિક આગેવાનો ઉપસ્થિતરહ્યા હતા.

- મનીષા પ્રધાન



**કોંગ્રેસ દ્વારા રાજયની ભાજપ સરકારના પાંચ વર્ષની ઉજવણી ને સમાંતર સરકારની નિષ્ફળતા ઉજાગર કરતા રાજયવ્યાપી 'જન સંપર્ક અભિયાન' નો આજથી પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત આજે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી રાજકોટમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.**



**બાયડ તાલુકાના ગણેશપુરા પંચાયત તેમજ વાસણામોટા પંચાયતના મકાનનું ઇ લોકાર્પણ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ના હસ્તે કરવામાં આવ્યું તેમાં બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તેમજ પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય સરપંચો તાલુકા સદસ્ય તેમજ કાર્યકર્તાઓએ હાજરી આપી હતી...**

# પીજીવીસીએલ અને ગેટકો સાથે કિસાન સૂર્યોદય યોજના અને પ્રશ્નો સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઇ

ગૃહરાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આજરોજ કલેકટર કચેરી ભુજ ખાતે પીજીવીસીએલ અને ગેટકો સાથે કિસાન સૂર્યોદય યોજના અને તેના વિવિધ પાસાંઓ, પ્રશ્નો અને પ્રજાલક્ષી વિકાસ કામો અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજય સરકારના પાંચ વર્ષ સુશાસનના હેઠળ યોજાનારા કાર્યક્રમો પૈકી તા.૫/૮/૨૦૨૧ના રોજ કચ્છ-ભુજ ખાતેથી કિસાન સન્માન દિવસ નિમિતે રાજયમાં ૧૫૦૦ ગામોમાં દિવસે વીજળી પ્રારંભ કરાવાશે એ નિમિતે ગૃહરાજયમંત્રીશ્રીએ પશ્ચિમ કચ્છ વીજ કંપની લિ. (પીજીવીસીએલ) અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ. (ગેટકો) ના અધિકારીશ્રીઓ સાથે તેમની કામગીરી અને કિસાન સૂર્યોદય યોજના અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

રાજયના ૧૫૦૦ ગામ પૈકી જિલ્લાના ૧૪૭ ગામોમાં કિસાન સૂર્યોદય યોજના અમલી થશે જે આ બાબતે શ્રી જાડેજાએ નાના છેવાડાના ખેડૂતોને આનો લાભ ઝડપથી મળે તે માટે સબંધિતોને ઝડપથી અમલવારી કરવા સૂચના આપી હતી.પીજીવીસીએલ મેનેજીંગ ડિરેકટર ડો.ધીમંત વ્યાસે મંત્રીશ્રીએ વિભાગ સબંધિત વિગતો પુરી પાડી હતી તેમજ આગામી આયોજનોથી અવગત કર્યા હતા.

ગૃહરાજયમંત્રીશ્રીએ આ તકે જિલ્લામાં વીજ પ્રવાહ અને વીજ સમસ્યા તેમજ કરવાની યોગ્ય અમલવારી અંગે દિશાનિર્દેશ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ યોજનાથી નાના સિંમાત અને છેવાડાના ખેડૂતોને દિવસની વિજળીનો ઝડપભેર લાભ મળશે.

ગેટકોના અધિક્ષક ઈજનેરશ્રી ડી.બી.વામજા પાસેથી સબસ્ટેશનો અને કિસાન સૂર્યોદય યોજનાના વિવિધ પાસા અંગે ચર્ચા કરી હતી. ઓકટોબર-૨૨ સુધી કિસાન સૂર્યોદય યોજનાના ૧૧ કે.વી. કુલ ૫૬૨ ફીડરો કાર્યરત થઇ જશે.

અબડાસા વિસ્તારમાં ભાનાડા અને સાંધવના સ્ટેશનોની ચર્ચા ધારાસભ્યશ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા સાથે રાખી કરાઇ હતી. આ બેઠકમાં શ્રી જાડેજા સાથે સાંસદશ્રી વિનોદભાઇ ચાવડા, ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્ય અને અગ્રણીશ્રી કેશુભાઇ પટેલ જોડાયા હતા.

ગૃહરાજયમંત્રીશ્રી તેમના પણ સૂચનો, પ્રશ્નો અંગે પૃચ્છા કરી વિગતે માહિતગાર થયા હતા તેમજ સબંધિતોને જરૂરી દિશાસૂચન કર્યા હતા.

પવનચક્કી, વીજચોરી, સબસ્ટેશનો, સબસ્ટેશનોની આ રીવ્યુ બેઠકમાં કલેકટરશ્રી પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્મા, આર.એ.સી. કુલદીપસિંહ ઝાલા, ભુજ પ્રાંતશ્રી અતિરાગ ચપલોત તેમજ પીજીવીસીએલ ભુજ અને અંજાર વર્તુળ કચેરીના ઈજનેરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

હેમલતા પારેખ/સીદીક કેવર

# થરા વિસ્તારમાં NHAI ના સર્વિસ રોડ પર ભરાતા પાણીથી વેપારીઓમાં રોષ




કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર હાઈવે દ્વારા સર્વિસ રોડ અને વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવા માં આવી છે પરંતુ દર ચોમાસે સફાઈ ના અભાવે ગટરો ભરાઈ જતા રોડ ઉપર એક ફૂટથી વધુ પાણી ભરાઈ રહેતા વેપારીઓના ધંધા રોજગાર ને અસર થતા તેમજ દુકાને ખરીદી કરવા આવતા ગ્રાહકોને ભારે મુશ્કેલી પડતા આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા વેપારીઓ રોષે ભરાયા છે અને આગામી નગરપાલિકા તેમજ અન્ય ચૂંટણીઓ નો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો છે

કાંકરેજ તાલુકાના થરામાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ ૨૭ પસાર થાય છે હાઈવે ઓર્થોરિટી દ્વારા પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવામા આવેલ છે પરંતુ સાફ સફાઈના અભાવે દર ચોમાસે પાણી નો નિકાલ ન થતા રોડ ઉપર પાણી ભરાઈ રહેતા લાંબો સમય ગંદકી અને ખાડા પડી જતા વાહન ચાલકો ને અકસ્માત નડે છે અને વેપારીઓની દુકાને ખરીદી કરવા આવતા ગ્રાહકોને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે અને ઘણી વાર તો આવી સ્થિતિમાં ગ્રાહકો આ વિસ્તારમાં ખરીદી કરવા આવતા નથી પરિણામે વેપારીઓને ધંધા રોજગારમાં નુકશાન પડે છે આ બાબતે વેપારીઓએ સ્થાનિક ધારાસભ્ય, કલેકટર, સાંસદ તેમજ હાઈવે ઓર્થોરિટી ને લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ છે છતાં પણ કોઈ પગલાં ન લેવાતા ન છૂટકે વેપારીઓએ સપ્ટેમ્બર માં આવનારી થરા નગરપાલિકા અને આવનારી તમામ ચૂંટણીયો નો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે આ અંગે વેપારી ચમનભાઈ તન્ના એ જણાવ્યું હતું કે આ સમસ્યા બાબતે અમે ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, સાંસદ ભરતસિંહ ડાભી, કલેકટર અને હાઈવે ઓર્થોરિટી ને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે તેમ છતાં કોઈ કાર્યવાહી નથી થઇ પરિણામે અમો પીડિત વેપારીઓ આવનારી તમામ ચૂંટણીયોનો બહિષ્કાર કરશું અને ઉગ્ર વિરોધ કરીશું..

(રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# અમદાવાદ જિલ્લામાં ગ્રામ્ય અને નગરપાલિકા વિસ્તારમાં સંવેદના દિન નિમિત્તે વિવિધ સ્થળોએ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રુપાણીના નેતૃત્વના ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થાય છે. જે નિમિત્તે તા. ૦૨ ઓગસ્ટના દિવસને " સંવેદના દિન " તરીકે ઉજવવામાં આવનાર છે. આ દિન નિમિત્તે અમદાવાદ જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી કક્ષાએ વિવિધ સ્થળો ખાતે સેવાસેતું કાર્યક્રમનું આયોજન થનાર છે.

અમદાવાદ જિલ્લામાં તા. ૦૨ ઓગસ્ટ, "સંવેદના દિન" નિમિત્તે અમદાવાદ જિલ્લા અને શહેરમાં વિવિધ સ્થળોએ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમનો પ્રારંભ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે ધોળકા ખાતેથી કરાશે.

અમદાવાદ જિલ્લાના ૯ તાલુકામાં " સંવેદના દિન × નિમિત્તે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોલેરા તાલુકામાં હેબતપુર ગામ ખાતે યોજાનાર છે.

ધંધુકા તાલુકામાં ગુંજાર ગામે ગ્રામ્ય કક્ષાનો અને બિરલા એન્ડ હરજીવનદાસ હાઇસ્કૂલ ખાતે નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ, સાણંદ તાલુકાના ચેખલા ગામની પ્રાથમિક શાળામાં ગ્રામ્ય કક્ષા, નગરપાલિકા હોલમાં નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ, ધોળકા તાલુકાના આંબલિયારા ગામમાં ગ્રામ્ય કક્ષાનો, નગરપાલિકાના નવા બિલ્ડીંગ ખાતે નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રમશ:દસક્રોઇ તાલુકાના બડોદરા ગામની પ્રાથમિક શાળામાં ગ્રામ્ય કક્ષાનો અને બારેજા નગરપાલિકા કંપાઉન્ડમાં નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ, વિરમગામ તાલુકાના કરકથલ ગામે ગ્રામ્ય કક્ષા, નગરપાલિકા કચેરીમાં નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ, માંડલ તાલુકાના મામલતદાર કચેરીમાં ગ્રામ્ય કક્ષાનો કાર્યક્રમ, બાવળા તાલુકાના નાનોદરા ગામની પ્રાથમિક શાળામાં ગ્રામ્ય કક્ષાનો, બાવળા તાલુકામાં આર્ચી ફાર્મની પાસેના અટલ હોલમાં નગરપાલિકા કક્ષાનો, દેત્રોજ તાલુકાની મામલતદાર કચેરીમાં ગ્રામ્ય કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# મોડાસા ખાતે નગર પાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં સંવેદના દિવસની ઉજવણી કરાશે



રાજય સરકારના પાંચ વર્ષના ઉજવણી સંદર્ભે આજરોજ એટલે ૨જી ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાં સંવેદના દિવસની ઉજવણીઓ થઇ રહી છે. જેમાં માનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા દરેક મંત્રીશ્રીઓના માર્ગદર્શન હેઠળ દરેક જીલ્લાઓમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત આ નિમિત્તે અરવલ્લીના જીલ્લાના દરેક તાલુકામાં આ પ્રસંગની ઉજવણી કરાશે જેમાં અરવલ્લી મોડાસાના નગર પાલિકા ખાતે મોડાસા નગર પાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસારની ઉપસ્થિતિમાં સંવેદના દિવસની ઉજવણી કરાશે. જેમાં કોરોના કાળ દરમિયાન અનાથ બનેલ ૪૦ થી ૫૦ બાળકોને બપોરના ભોજન તથા દરેક બાળકને કીટ વિતરણ કરાશે. આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા , જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી તથા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં ઉજવણી કરાશે.

# કાંકરેજ: ઉંબરી બનાસ નદીના પુલ પાસેથી પાડા ભરીને જતાં બે પિકપ ડાલા ઝડપી પાડતા ગૌ રક્ષકો

બનાસકાંઠા:

ખાનગી બાતમી મળતાંજ દાંતીવાડા. અને કાંકરેજ તાલુકાના ગૌ રક્ષકો દ્વારા તાત્કાલિક ધોરણે વોચ ગોઠવી દેવામાં આવી હતી ત્યારે દિયોદર તાલુકાના સેસણ થી પીકપ ડાલા બે હતાં ત્યારે એકમાં સાત તથા બીજા ડાલા માં આઠ એમ કુલ મળીને પંદર જેટલા અબોલ પશુઓની કતલખાને લઈ જવાતા પાડા ના જીવ ગૌ રક્ષકો એ બચાવ્યા હતા ત્યારે બે પાડા ને ટેગ મારેલ હોવાથી એ સાબિત થાય છે કે પાંજરાપોળ માં કામકરતા લોકો અથવા તો ખુદ પોતે સંચાલકો દ્વારા આવી હેરાફેરી કરતા હોય એવું લાગે છે ત્યારે તાત્કાલિક ધોરણે પશુઓ માટે ઘાસ ચારા ની વ્યવસ્થા કરી હતી અને શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરી ને બંને પીકપ ડાલા ને પોલિસ સ્ટેશન પર લાવવામાં આવ્યા હતા જયાં ગૌ રક્ષકો દ્વારા ટેગ મારેલ પાડા ના માલિકો સાથે ફોન પર વાત કરતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો જેમાં એક કાંકરેજ તાલુકાના ભલગામ અને બીજો દિયોદર તાલુકાના ભેસાણ ગામના હોવાનું બહાર આવ્યું હતું આમ ગૌ રક્ષકો માં મુખ્ય દાંતીવાડા ના હિમાલયભાઈ માલોસનિયા અને રાજુભા વાઘેલા. ભરતસિંહ ડાભી સહિત અન્ય ગૌ રક્ષકો એ પશુઓ ને કતલખાને લઈ જતાં બચાવાયા હતા ત્યારે હવે જોવું એ રહ્યું કે સરકાર સામે પશુઓ માટે ઘાસ ચારા માટે આંદોલન કરવામાં આવે છે ત્યારે સમગ્ર મામલે પોલીસવડા દ્વારા ઊંડી તપાસ કરવામાં આવે તો મોટું રેકેટ બાર આવી શકે છે ત્યારે હવે જોવું રહ્યું કે આખરે તંત્ર દ્વારા કેવી કાર્યવાહી કરવામાં આવશે..

(રીપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.